# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

C/o. શાહ ગોવિંદજી વીરમ, ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૧

## સમ્યગ્જ્ઞાન વિશારદ

માર્ચ - ૨૦૨૦

## ◆◆◆ અભ્યાસક્રમ જવાબ પત્ર ◆◆◆

એનરોલમેન્ટ નંબર ______ ૧૦ ગામ ______

વિદ્યાર્થીનું નામ ______

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા**

| | |
|---|---|
| (૧) | કર્મોથી / કર્મરહિત |
| (૨) | બાહુબલી |
| (૩) | શુદ્ધ વાણી |
| (૪) | અસંખ્યાત |
| (૫) | જીતેન્દ્રિય |
| (૬) | ઉપસર્ગ / આફત |
| (૭) | રાય |
| (૮) | જ્ઞાનાવરણીય |
| (૯) | લાલસા |
| (૧૦) | આત્મસ્વરૂપ |
| (૧૧) | ઉગતે સૂર્ય |
| (૧૨) | દુર્લભતા |
| (૧૩) | આમ્નાયપૂર્વક |
| (૧૪) | મહાજનો |
| (૧૫) | આત્મપ્રદેશ. |
| (૧૬) | ધર્મલાભ |
| (૧૭) | પૂર્વ પ્રયોગ |
| (૧૮) | ગુલામી |
| (૧૯) | આહાર |
| (૨૦) | કર્મગુરુતા |

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં**

| | |
|---|---|
| (૧) | સુભટો (સશસ્ત્ર) |
| (૨) | વિશાલસ્તૂપ |
| (૩) | એરંડ ના |
| (૪) | વિઘ્નરૂપી વેલીઓ |
| (૫) | અણાહારી પદમાં |
| (૬) | ત્રણ યોગ |
| (૭) | કર્મસત્તા |
| (૮) | ઈસદ્પ્રાગભારા |
| (૯) | લીલાધર |
| (૧૦) | પારણ |
| (૧૧) | વનસ્પતિકાય |
| (૧૨) | મહાપ્રાણાયામની |
| (૧૩) | અદ્બુદજી |
| (૧૪) | સ્થૂલીભદ્રના |
| (૧૫) | આયુષ્ય કર્મ |
| (૫) | પૃથ્વી |
| (૬) | પામે |
| (૭) | ભ્રમર |
| (૮) | આકાશ |
| (૯) | ભવનપતિ |
| (૧૦) | રાજ્યને વિષે |
| (૧૧) | સાચી રીતે સ્વાધ્યાયો |
| (૧૨) | પ્રકૃતિ |
| (૧૩) | વેલિઓ |
| (૧૪) | હાથી |
| (૧૫) | ઝાકળ |
| (૧૬) | ઉપરકહ્યા મુજબ |
| (૧૭) | શિલ્પ |
| (૧૮) | પર્યાપ્તા મનુષ્ય |
| (૧૯) | પ્રાપ્ત કર્યા છે |
| (૨૦) | નાણખા |

**પ્રશ્ન-૩ શબ્દનો અર્થ**

| | |
|---|---|
| (૧) | બાદરઅગ્નિકાય |
| (૨) | જલ |
| (૩) | કુંભારના |
| (૪) | વીજળી |

**પ્રશ્ન-૪ જોડકાં જોડો**

| | | | |
|---|---|---|---|
| (૧) | 5 | (૬) | 9 |
| (૨) | 10 | (૭) | 3 |
| (૩) | 1 | (૮) | 7 |
| (૪) | 2 | (૯) | 4 |
| (૫) | 8 | (૧૦) | 6 |

**પ્રશ્ન-૫ સંખ્યામાં જવાબ**

| | |
|---|---|
| (૧) | વિ.સ. ૧૬૪૨ |
| (૨) | ૪૫૦ |
| (૩) | 6 |
| (૪) | ૪ |
| (૫) | ૨૪ |
| (૬) | ૮ |
| (૭) | ૧૯ |
| (૮) | ૮ |
| (૯) | ૧૭ |
| (૧૦) | ૯૮ |

| | પ્રશ્ન-૬ ✓ કે × | | પ્રશ્ન-૭ આ વાક્ય ક્યા પાને છે તે નંબર | |
|---|---|---|---|---|
| (૧) | ✓ | (૧) | ૧૦ | ૧૦ |
| (૨) | × | (૨) | ૧૫ | ૧૫ |
| (૩) | × | (૩) | 6 | 6 |
| (૪) | × | (૪) | ૧૯ | ૧૯ |
| (૫) | ✓ | (૫) | ૧૧ | ૧૧ |
| (૬) | ✓ | (૬) | ૪ | ૪ |
| (૭) | × | (૭) | ૧૧ | ૧૧ |
| (૮) | ✓ | (૮) | ૫ | ૫ |
| (૯) | ✓ | (૯) | ૧૮ | ૧૮ |
| (૧૦) | × | (૧૦) | ૨૧ | ૨૧ |

| પ્રશ્ન ૧-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૨-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૩-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૪-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૫-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૬-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૭-મેળવેલ ગુણ | + | પ્રશ્ન ૮-મેળવેલ ગુણ | = | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | | | |

રીમાર્ક ______ તપાસનારની સહી ______

પ્રશ્ન નં. ૮ – તમારી ભાષા માં સમજાવો.

૧. શ્રુતમદ — પૂર્વભવની આરાધનાના કારણે બુદ્ધિ સારી મળે — ઘણું ભણી શકે એ પણ એ જ્ઞાનને જો પચાવી ન શકે તો એને શ્રુત-જ્ઞાનનો પણ ફાંકો આવી જાય અભિમાન આવી જાય તે શ્રુત મદ કહેવાય છે. શાસ્ત્રમાં સ્થૂલીભદ્રજીને શ્રુત મદ થયાની વાત પ્રસિદ્ધ છે. અંતિમ શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી પાસે ૧૪ પૂર્વ નો અભ્યાસ કરતા ૧૦ પૂર્વ ભણી લીધા હતા. એક વાર સ્થૂલિભદ્રજીની સાત સાધ્વીજી બહેનો વંદન માટે આવી. પોતાના જ્ઞાનનો પ્રભાવ બતાવવા એ સિંહનો રૂપ લઈ ને બેઠા હતા. શ્રુતમદના કારણે. ભદ્રબાહુસ્વામી વાત પામી ગયા. વિચારે ચડ્યા "હવે પછીના જીવો શ્રુતજ્ઞાનને પચાવી નહીં શકે તેથી શાસનને લાભકરતા નુકસાન વધારે થશે" આવા વિચારથી સ્થૂલિભદ્રજીને વાચના આપવી બંધ કરી. ખૂબ કરગરતા બાકીના ચાર પૂર્વ ભણાવ્યા પણ એના રહસ્ય ન શીખવાડ્યા અને સ્થૂલિભદ્રજીના શ્રુતમદના કારણે ભરતક્ષેત્રમાં ૧૪ પૂર્વના રહસ્યો અને પરંપરાએ ૧૪ પૂર્વનો લોપ થયો.

૨. સિદ્ધશીલા — ઈસદ્પ્રાગભારા નામની પૃથ્વીને સિદ્ધશીલા કહે છે. આ સિદ્ધશીલા ચૌદ રાજલોકના મસ્તક ઉપર છે. સિદ્ધશીલા પૃથ્વીની ઉપર લોકનો અંત છે. આ પૃથ્વી મનને હરણ કરનારી છે. કપુરાદિ સુગંધી વસ્તુથી પણ અધિક સુગંધી હોય છે. સૂક્ષ્મ અવયવવાળી કોમળ છે. પવિત્ર અને કાંતિયુક્ત છે. મનુષ્યલોક જેટલા ૪૫ લાખ યોજન પ્રમાણવાળી છે. ઉંધા છત્રના આકારની છે. શુભ્ર છે, સર્વાર્થસિદ્ધ વિમાનથી ૧૨ યોજન ઉપર છે. વચ્ચમાં આઠ યોજન જાડી છે અને કિનારી પર માખીના પાંખ કરતા પણ પાતળી છે. એક યોજન ઉપર અલોક છે. એના ચોવિસમાં ભાગમાં સિદ્ધભ.ની સ્થિતિ છે.

૩. રાયસી શાહના સુકૃતો — જામનગર ના રાજમાન્ય શ્રેષ્ઠિ રાયસી શાહ નાગડા કલ્યાણસાગરસૂરિના અનન્ય ભક્ત હતા. ગુરુ ઉપદેશથી શ્રી ગોડીજીનો સંઘ કાઢ્યો. વિ.સ. ૧૬૮૯ના દુષ્કાળ વખતે અન્નક્ષેત્રો ખોલી અનેકોને જીવન દાન આપ્યું, રાજકોટના રાજાની પ્રેરણાથી કૂવા મંદિર, ભલસાણ ગામમાં જિનાલય અને પૌષધશાળા બંધાવ્યા, મોડા ગામમાં શિખરબંધ દેરાસર અને પૌષધશાળા બંધાવી સ્વામીવાત્સલ્ય કર્યા. અનેક જગ્યાએ પાણીની પરબો, વિશ્રામગૃહ આદિ બંધાવી પોતાના ધનનો સદ્વ્યય કર્યો, અચલગચ્છના સાધર્મિક બંધુઓના પ્રત્યેક ઘરે લહાણી કરી, જામનગરમાં દ્વિતીય પ્રતિષ્ઠા કરાવી. એવા અનેક સુકૃતોથી પોતાનો જીવનબાગ મહેકાવ્યો હતો.

૪. અલ્પ-બહુત્વ — કયા જીવોની સંખ્યા અલ્પ — કયા જીવોની તેનાથી કેટલી વધુ તેની જાણકારી જીવોનું અલ્પ-બહુત્વ કહેવાય. સંખ્યામાં ગણત્રી શક્ય હોય ત્યાં સુધી સંખ્યાત શબ્દ વપરાય ગણત્રી શક્ય ન બને તે અસંખ્યાત અને તેનાથી અતિશય વધારે તે અનંત કહેવાય. પર્યાપ્તા મનુષ્ય, બાદર અગ્નિકાય, વૈમાનિક દેવો, ભવનપતિ, નારકી, વ્યંતર, જ્યોતિષિ, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, પૃથ્વીકાય, અપકાય, વાયુકાય અને નિગોદ વનસ્પતિકાય એ બધા અનુક્રમે એક એકથી વધારે (અધિક) હોય છે. વનસ્પતિકાય અનંત ગુણ છે.

૫. ઘ્રાણેન્દ્રિયની લુબ્ધતા — આ વિશ્વના તમામ જીવોને દુઃખ ગમતું નથી સુખ જ ગમે છે અજ્ઞાની જીવોને સંસારમાં ઇન્દ્રિયોના વિષયસુખો વહાલા લાગે છે પણ વહાલા અને મીઠા લાગતા આ સંસારના સુખોનું અંતિમ પરિણામ શું? જોઈએ ઘ્રાણેન્દ્રિયની લુબ્ધતાના પરિણામ. હાથીના ગંડસ્થળમાંથી મદ ઝરે છે. આ મદની સુગંધથી ખેંચાઈને જ હાથીના મસ્તક પાસે અને પડખે ઘણા ભમરા ભેગા થઈ ગુંજારવ કરે છે. એમના ગુંજારવથી કંટાળેલો હાથી સતત કાન ફફડાવ્યા કરે છે. તેના ઝપાટામાં આવી અનેક ભમર મરણને શરણ થાય છે. તેથી ઇન્દ્રિયોની ગુલામી એ સુખનો નહિ દુઃખનો માર્ગ છે. સુખી થવા માટે તો જિતેન્દ્રિય બનવું પડે છે.